Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૧૦· તા. ૭ માર્ચ થી ૧૩ માર્ચ ૧૫ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MCE/53/2015-17

## આદરાંજલિ



**શ્રી રાયચંદ હંસરાજ ધરમશી**

(સુથરી - વરલી)

અરિહંતશરણ તા.૦૩.૦૩.૨૦૧૫

ધર્મ અભ્યાસુ, કરી અનોખી સાધર્મિક ભક્તિ...
જ્ઞાતિ-હિતાર્થે સ્વપ્નો જોયા ને સાકાર કરવા લગાડી પૂરી શક્તિ
અરિહંત શરણે શાંતિ પામો ને પામો પુણ્યબળે ઉચ્ચગતિ

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

# ભાવાંજલિ



**સ્વજનશ્રી રાયચંદ હંસરાજ ધરમશી**

(સુથરી-વરલી)

અરિહંતશરણ તા.૦૩.૦૩.૨૦૧૫

આદર્શ ધર્મમય જીવન,
સાધર્મિક ભક્તિનું કવન...
અરિહંતશરણે ચિરશાંતિ પામો,
સત્કર્મ પ્રેરશે આપની સ્મૃતિ પાવન...

**માતુશ્રી તારામતી માણેકજી મોતા પરિવાર**

રાપર ગઢવારી

# આદરાંજલિ



**શ્રેષ્ઠીવર્ય શ્રી રાયચંદ હંસરાજ ધરમશી**

(સુથરી-વરલી)

અરિહંતશરણ તા.૦૩.૦૩.૨૦૧૫

ધર્મવીર - દાનવીર - કર્મવીર,
કર્તવ્ય પ્રત્યે ધીર ગંભીર ...
અરિહંત શરણે ચિરશાંતિ પામો,
આપની સ્મૃતિ હ્રદયમાં સ્થિર...

**કે.ડી.ઓ.ગરિમા ગ્રુપ, મુંબઈ**

# શ્રધ્ધાંજલિ



**જીવદયાપ્રેમી શ્રી રાયચંદ હંસરાજ ધરમશી**

જીવદયા પ્રેમી
પ્રભુના પ્યારા
પુણ્ય બળે ઉચ્ચગતિ
સાધિકાર મેળવનારા

**અબડાસા ગૌશાળા ટ્રસ્ટ**

**રાપર ગઢવારી**

# ધર્માંજલિ



**સુશ્રાવક શ્રી રાયચંદ હંસરાજ ધરમશી**

ગચ્છ અને જિનશાસનના અનોખા મોભી,
તમે પુણ્ય ઈમારત કરી ભવ્ય ઊભી ...
આપને પુણ્ય બળે મળે ઉચ્ચગતિ ,
આપની સ્મૃતિ રહે સદા શોભી ...

**શ્રી અખિલ ભારત વિધિપક્ષ (અચલગચ્છ) જૈન સંઘ**

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

''સમીક્ષા''

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

''પ્રકાશ સમીક્ષા''

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 10/2015**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## અનંતનાથ જિનાલય પરિસરની નવરચના અને રહેઠાણ યોજનાની સફળતા એ જ અભ્યાસુ, ધર્મવીર ને સાધર્મિક ભક્તિના કર્મવીર શ્રી રાયચંદ હંસરાજ ધરમશીને શ્રધ્ધાંજલિ

અભ્યાસુ, ધાર્મિકતા અને સાધર્મિક ભક્તિના અનોખા સંગમ એવા શ્રી રાયચંદ હંસરાજ ધરમશીની ચિરવિદાયથી જ્ઞાતિએ જ્ઞાતિ ગૌરવ જાળવવા સતત સ્વપ્નશીલ દાતા અને આગેવાન ગુમાવ્યા છે.

જીવનના દરેક વળાંકે આવેલા પડકારોને પોતે જેમ કંઈક નવું, કંઈક અનોખું કરતાં ઝીલ્યા તેમજ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ પણ કરે એ વાત એમણે હાથ ધરેલી વિવિધ પ્રવૃત્તિઓને એક સૂત્રમાં પરોવતાં ધાગાની જેમ જોવા મળે છે.

જ્ઞાતિની અગ્રણી પેઢીમાં અગ્રણી જવાબદારી સંભાળતા પરિવારમાં જન્મ પારિવારિક ધંધામાં નિપુણતા મેળવી, પણ કંઈક સમયોચિત લાઈન લેવાનો નિર્ણય કરી શેરોની દલાલી અને પછી વ્યવસાય કર્યો તથા તેમાં સારી સફળતા મેળવી.

અલબત્ત, પોતાની જાત અને સમાજ માટે કંઈક અનોખું કરવાની ઝંખનાથી વિવિધ પ્રવૃત્તિઓ કરી, જેમાંથી નીચેની પ્રવૃત્તિ ઉલેખનીય છે : લોકોમાં ગુજરાતી સાહિત્ય ભાષાની વાંચનની ભૂખ જગાડવા તેમના ઘરે પુસ્તક પહોંચાડતી હોય તેવી ફરતી લાયબ્રેરી કરી. શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડના પ્રારંભિક વર્ષોમાં તેની બધી પ્રવૃત્તિમાં ઉમળકાભેર ભાગ લીધો. જ્ઞાતિજનો દેવલાલીના આરોગ્યદાયી હવા-પાણીનો લાભ લઈ શકે તે માટે ત્યાં જ્ઞાતિની સેનેટોરીયમ ઊભી કરવાના કાર્યમાં અગ્ર ભાગ લીધો.

જ્ઞાતિની રહેઠાણ સમસ્યા હલ કરવા ડોંબિવલી પાસે હોપ ૧૦૦૦ ટાઉનશીપ ઊભી કરવાની પ્રવૃત્તિમાં અગ્રભાગ લીધો. કચ્છી જૈન ફાઉન્ડેશનની યોજનામાં પણ જ્ઞાતિજનોને ઘરો મળે તે માટે ગંભીરતાથી પ્રયત્નો કર્યા.

જ્ઞાતિની શિક્ષણ સહાય પ્રવૃત્તિને સધ્ધર બનાવવામાં મહત્વનો ફાળો આપ્યો. જયારે કમ્પ્યુટર શિક્ષણનો ખ્યાલ નવો હતો ત્યારે ડોંબિવલી મંડળ જેવી સંસ્થાઓ જ્ઞાતિજનોને તે શીખવા પ્રેરે તે માટે દાન આપી સક્રિય પ્રયાસ કર્યા. શાહપુરમાં જૈન સંસ્કાર સાથે આધુનિક શિક્ષણ આપતી સંસ્થા વિકસાવવા ભરચક પ્રયત્ન કર્યા.

વૃધ્ધોનું ઘડપણ સુધારતી જીવન સંધ્યા માટે ફાળો ઉઘરાવવાને પોતાની ફરજ માનતા. પાલીતાણામાં વૈયાવચ્છ માટે પુરબાઈ ધર્મશાળા ખરીદી તેનું પૂર્ણપણે નવીનીકરણ કરી યોગ્ય વ્યવસ્થા કરી. અનંતનાથ જિનાલયને નવું રૂપ આપવામાં એક દહેરીના લાભાર્થી બન્યા. સુથરી ગાંધીધામમાં પોતાની કલ્પનાના જિનાલય નિર્માણ કર્યા. સાધર્મિક સહાય, જીવદયા વગેરે માટે પણ પૂરો સહયોગ આપ્યો. સુથરીમાં ભોજનશાળાનું નૂતનીકરણ કરવા સર્વાધિક ફાળો આપ્યો.

ક.દ.ઓ.જૈન જ્ઞાતિ અન્ય કચ્છી ગુજરાતી સમાજોમાં અલગ તરી આવે એવું તેઓ હંમેશા ઈચ્છતા. ધાર્મિક ઔપચારિકતાઓની જાળવણી સાથે અભ્યાસ થવો જોઈએ એવું ઈચ્છતા. જૈન યુનિવર્સિટીની જૈન અભ્યાસક્રમ વિકસાવવાની પ્રવૃત્તિ તથા પ્રેક્ષાધ્યાનના ચાહક હતા.

સદગતની ત્રણ મુખ્ય ગમતી પ્રવૃત્તિઓ એટલે શિક્ષણ સહાય પ્રવૃત્તિ, અનંતનાથ જિનાલયને નયનરમ્ય બનાવી તથા ત્યાં વિવિધ ધાર્મિક આયોજનો કરી તેને જ્ઞાતિના સમાજજીવનના કેન્દ્ર તરીકે જાળવી રાખવું અને રહેઠાણ સમસ્યા દૂર કરવી.

આમાં જ્ઞાતિની શિક્ષણ સહાય પ્રવૃત્તિનેસધ્ધર સ્થિતિમાં મૂકવાનું તથા અનંતનાથ જિનાલયને સુશોભિત કરી આકર્ષક બનાવવાનું કામ તેમણે સારી રીતે પૂર્ણ કર્યુ પણ અનંતનાથ જિનાલય પરિસરમાં તીર્થધામ જેવું વાતાવરણ નિર્માણ કરીને અને રહેઠાણની સમસ્યા હલ કરીને જ તેમને સાચી શ્રધ્ધાજંલિ આપી શકાશે.

||સચ્ચાઇ માતાય નમ:|| ||શ્રી શાંતિનાથાય નમો નમ:|| ||શ્રી સખત માતાય નમો નમ:||

# સમસ્ત લોડાયા પરિવારના સચ્ચાઇમાતાજીની દ્વિતીય સમુહ પહેડી
# સચ્ચામાતાજી સમૂહ પહેડી તા. ૧૧-૪-૧૫ શનિવાર ચૈત્રવદ ૭ ના સાંજના ૪.૦૦ કલાકેથી
# કાલિદાસ ઓપન ગ્રાઉન્ડ, મુલુંડ (વેસ્ટ)

મુંબઇ તેમજ બહારગામ દેસ દેસાવર વસ્તા લોડાયા પરિવારના ભાવિકોને પધારવા ભાવભર્યુ આમંત્રણ

સચ્ચામાંનાં પહેડીના લાભાર્થી પરિવારો

નૈવેદ્ય (પહેડી) જુહારવાનો લાભ માતુશ્રી મુરબાઇ રાયચંદ લોડાયા (કોઠારા - મુલુંડ)
માતાજીની આરતીનો લાભ : માતુશ્રી ખેતબાઇ હંસરાજ વિસનજી લોડાયા આરીખાણા - મુલુંડ
માતાજીને તેડી આવવાનો લાભ : માતુશ્રી મણીબાઇ નરશી લોડાયા (રાપર - મુલુંડ)
માતાજીને પોંખવાનો લાભ : શ્રી માણેકજી મેઘજી લોડાયા હસ્તે. જયેશ (સાંધવ- મુલુંડ)
દિપ-ધુપ પુજાનો લાભ : માતુશ્રી દમયંતિબેન રતનથી લોડાયા પરિવાર હસ્તે સુપુત્રો (સાયરા - ડોંબીવલી)
માતાજીને ફુલહાર પહેરાવાનો લાભ : માતુશ્રી કસ્તુરીબાઇ કેશવજી વિસનજી લોડાયા (અરિખાણા- ડોંબીવલી)
માતાજીને ચુંદડી ઓઢાડવાનો લાભ : માતુશ્રી વેલબાઇ લધુભાઇ લોડાયા (રાપર - ઘાટકોપર)
પુજામાં બેસવાનો લાભ ૧) માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા (સાંધવ - મુલુંડ)
૨) માતુશ્રી મણિબાઇ કલ્યાણજી વિસનજી લોડાયા (અરિખાણા - ડોંબિવલી)

## દ્વિતિય સમુહ પહેડીના સહયોગી દાતાઓ

- શ્રી ચાંપશી માણેકજી લોડાયા પરિવાર (લોખંડવાલા) (સાંધવ - ઘાટકોપર)
- માતુશ્રી જમકુબાઇ લાલજી પટેલ હસ્તે હિતેશ, નિખિલ પટેલ (સાંધવ - મુલુંડ)
- ટોકરશી રતનશી લોડાયા હસ્તે જવેરચંદભાઇ (વારાપધર - ડોંબિવલી)
- માતુશ્રી ખેતબાઇ સોમચંદ લોડાયા (સાંધવ - ડોંબિવલી)
- માતુશ્રી દમયંતીબેન વાલજી ઠાકરશી લોડાયા પરિવાર ( સાયરા - મુલુંડ)
- માતુશ્રી સોનબાઇ રાયચંદ લોડાયા (દલતુંગી - ડોંબિવલી)
- માતુશ્રી કસ્તુરીબેન રાયચંદ લોડાયા (કોઠારા - વાશી)
- માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા (મોટી સિંધોડી - ડોંબિવલી)
- માતુશ્રી નેણબાઇ હિરજી લોડાયા પરિવાર (મંજલ-ડોંબિવલી)
- માતુશ્રી મણીબાઇ નરશી લોડાયા હસ્તે લહેરચંદ (રાપરગઢ - ડોંબિવલી)
- માતુશ્રી હિરાવંતીબેન તિલકચંદ લોડાયા (બારોઇ - મુલુંડ)
- માતુશ્રી સોનબાઇ લાલજી લોડાયા (વરાડીયા - ડોંબિવલી)
- શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા (બાંઢિયા - અમદાવાદ)
- માતુશ્રી ભચીબાઇ હરશી લોડાયા(રાપર - ભાંડુપ)
- માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લોડાયા (અરિખાણા - મુલુંડ)
- માતુશ્રી ધનબાઇ દેવરાજ લોડાયા હસ્તે રસિકભાઇ (સાંધવ મુલુંડ)
- ફાઇવ્હ સ્ટાર કેટરર્સ - ભાંડુપ
- શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા (મોટી ખાવડી - ઠાણા)
- શ્રી. મોતીલાલ દેવજી લોડાયા (મોટીખાવડી - ઘાટકોપર)
- અ.સૌ. જયાબેન શાંતિલાલ લોડાયા (સાંયરા - મુલુંડ)
- શ્રી ગિરીશ ખિમજી કરમશી શાહ (મોટી ખાવડી - મુલુંડ)
- શ્રી શાંતિલાલ શામજી શાહ (મોટી ખાવડી - મસ્જિદ બંદર)
- માતુશ્રી ગોમાબેન હેમરાજ લોડાયા હસ્તે કિંજલ-જેનિલ ( મોટી ખાવડી - ઘાટકોપર)
- માતુશ્રી ધનલક્ષ્મી રાયચંદ લોડાયા (આરીખાણા- ઘાટકોપર)
- માતુશ્રી પ્રેમાબાઇ લાલજી લોડાયા (કોઠારા - મુલુંડ)
- શ્રી ચંદ્રકાંત હંસરાજ લોડાયા (વારાપધર - વાશી)
- શ્રી નરેંદ્ર દામજી
- માતુશ્રી પ્રભાવંતી મુલજી લોડાયા (ભરૂડીયા- તેરા)
- ભવાનજી રાઘવજી લોડાયા (સાંધવ-મુલુંડ)
- માતુશ્રી કાંતાબેન ગોવિંદજી લોડાયા (કોઠારા - ઘાટકોપર)
- માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા (નલિયા-મુલુંડ)
- માતુશ્રી વિમલાબેન ઠાકરશી લાલજી પટેલ (સાંધવ - મુલુંડ)
- માતુશ્રી હંસાબેન હિરાચંદ પટેલ (બાંઢિયા - ઐરોલી)
- માતુશ્રી હેમલતા નલીનકાંત પીર (સુથરી - ડોંબિવલી)
- શ્રી અરવિંદ લાલજી લોડાયા (વારાપધર -ગાંધીધામ)
- શ્રી મયુર ખીમજી પીર (સુથરી - મુલુંડ)

તા.ક : લોડાયા પરિવારનાં સચ્ચામાતાજી તેમજ સખત માતાજીના ભુવાશ્રી ઓને પધારવા ભાવભર્યું આમંત્રણ હજીપણ પહેડી-પ્રસંગે સહયોગી દાતાશ્રીઓમાં નામ લખાવી લોભ લઇ શકો છો.

**લિ. શ્રી સમસ્ત લોડાયા પરિવારની સમિતી**

।।શ્રી અંબાઈમાં ને નમઃ।।

**વધાઈઓ**



**શ્રીમાન કલ્પેશ માણેકજી મોતા**

**રાપરગઢવારી-મુંબઈ**

આપશ્રી આપણી જ્ઞાતિના શિરમોર એવા શ્રી મુંબઈ મહાજનશ્રીના પ્રમુખપદે ચુંટાયા એ બદલ
સમસ્ત ક.દ.ઓ.મોતા પરિવાર અત્યંત હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે.
આપશ્રી જ્ઞાતિસેવાના ક્ષેત્રમાં નવાં શિખર સર કરો અને કિર્તીમાન બનો એવી સમસ્ત
ક.દ.ઓ.મોતા પરિવાર કુળદેવીમાં અંબાઈમાં સમક્ષ અરજ ગુજારે છે.
આયુષ્યમાન બનો અને ધર્મ/સમાજની રક્ષા/સેવા કરો

**લી. સમસ્ત ક.દ.ઓ.મોતા પરિવાર**
**શ્રી ક.દ.ઓ.મોતા પરિવાર અંબાઈમા ટ્રસ્ટ,તેરા**
**શ્રી ક.દ.ઓ.મોતા પરિવાર યુથ ફોરમના**
**પદાધિકારીઓ એવં કાર્યકરોના જય માતાજી.**

---

।। શ્રી ગોડીજી પાર્શ્વનાથ પ્રભુએ નમઃ।।



## રાપરગઢવારી મોતા પરિવારો તરફથી અભિનંદન

**શ્રી કલ્પેશ માણેકજી મોતા-**
**રાપરગઢવારી-મુંબઈ**

આપશ્રી આપણા નાનકડા રાપરગઢવારી ગામના મોતા પરિવારના સુપુત્ર કલ્પેશ માણેકજી મોતા ક.દ.ઓ. જૈન જ્ઞાતિના શિરમોરના અને મોભી મુંબઈ મહાજનશ્રીના પ્રમુખપદે ચુંટાયાનો હર્ષ અનુભવીએ છીએ.

કુળદેવી માં અંબાઈમાં આપશ્રીને આ કાર્યકાળ દરમ્યાન ધર્મ, જ્ઞાતિ, સમાજ, ગામની સેવાના કાર્યમાં સદાય સહાયરૂપ રહીને શક્તિ પ્રદાન કરે અને આવનાર ભવિષ્યમાં આપશ્રી નવા કિર્તિમાનો સર કરીને આપનું, ગામનું અને જ્ઞાતિનું નામ ગોરવાન્વિત કરો એજ ગોડીજી પાર્શ્વનાથ દાદાને વંદન સહિત અરજ કરીએ છીએ.

**લી.આપના**

ભારમલ /પાશ્વીર કેશવજી દામજી રાઘવજી મોતા પરિવાર • જેઠાભાઈ ખીંયરાજ રાઘવજી મોતા પરિવાર
રમેશ મેઘજી લખમશી માણેકજી રાઘવજી મોતા પરિવાર • ઉમરશી તેજપાર શિવશી રાઘવજી મોતા પરિવાર
રતનશી/આસમલ ગોવિંદજી ઉદેશી મોતા પરિવાર • નારાણજી શામજી કરમશી મુલજી મોતા પરિવાર
ચત્રભુજ હીરજી રાઘવજી જેઠાભાઈ મોતા પરિવાર • કેશવજી હરપાર કુરપાર મોતા પરિવારના

**જય જિનેન્દ્ર**

પદાધિકારીઓ એવં કાર્યકરોના જય માતાજી.

શ્રી આશાપુરા માતાય નમઃ શ્રી ચામુંડા માતાય નમઃ શ્રી સચ્ચાઈ માતાય નમઃ

## પૂ. શ્રી. ચામુંડામાની પહેડી

**અવસર આવ્યો છે આનંદનો**
**પ્રસંગ છે ચામુંડામાની પહેડીનો**
**સાદ દીધો છે અમે હરખનો**
**સાથ અનિવાર્ય છે આપનો**

શ્રી કોઠારા સ્થાને નમતા મૈશેરી નુખના કુળદેવી પૂ.શ્રીચામુંડા માની પહેડી ચૈત્ર સુદ બીજ રવિવાર તા. ૨૨.૦૩.૨૦૧૫ના યોજેલ છે. પૂ.માતાજીની અસીમ કૃપાથી આ સાતમી પહેડીનો સંપૂર્ણ લાભ ગામ મોટી સિંધોડીના શ્રી કુંવરજી ખીંયરાજ મૈશેરી સહપરિવારે લીધેલ છે. સૌ. ભાવિકો તેમજ નિયાણી બહેનો ને સહપરિવાર પધારી દર્શન-વંદન-ભક્તિ ભાવના અને પ્રસાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

સ્થળ :
શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ, બેન્કવેટ (A.C) હોલ, એલ.બી.એસ રોડ, અનંત સિધ્ધિ, ભાંડુપ (વે) મુંબઈ - ૪૦૦ ૦૭૮

**મંગળ કાર્યક્રમની રૂપરેખા**

સવારે ૯.૦૦ : માતાજીનું સામૈયું
સવારે ૯.૦૦ : સ્થાપના અને પૂજા
૧૦ થી ૧૧.૩૦ : ભક્તિ ભાવના

૧૧.૩૦થી આરતી, ધુપ, થાળ, પ્રસાદ. આરતી બાદ ગરબાની રમઝટ કરાવશે, ચેતના હરીયા એન્ડ પાર્ટી

**સ્વાગત ઉત્સુક :**
**શ્રી કુંવરજી ખીંયરાજ મૈશેરી પરિવાર**




## અનોખા પ્રકારનો સમૂહ લગ્નોત્સવ

તાજેતરમાં કાગવડની ભૂમિ પર એક સાથે ૫૨૧ યુવક યુવતીઓનાં સમુહલગ્નનો એક ઐતિહાસિક કાર્યક્રમ યોજ્યો. એક જ જ્ઞાતિના યુવક યુવતીઓના આટલા મોટા પાયે એક જ સ્થળે લગ્ન સમારોહ યોજાય એ પણ એક ઐતિહાસિક ઘટના બની, જેની એશિયા અને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં નોંધ થઈ.

આ સમૂહ લગ્ન સમારંભમાં જાહેરાતના અડધા કલાકમાં રૂપિયા ૧૩ કરોડના દાનની જાહેરાત થઈ!

આ કાર્યક્રમમાં કન્યાઓને ઘરવખરીની ઘણીય નાની મોટી ચીજવસ્તુઓ અપાઈ.

લેઉવા પટેલ સમાજના દાનવીરોએ પણ પોતાની ક્ષમતા અનુસાર ખર્ચ ઉઠાવ્યો.

પોરબંદરના સાંસદ શ્રી વિઠ્ઠલભાઈ રાદડિયાએ ૫૧ કન્યાઓના લગ્ન ખર્ચને ઉઠાવવાની જાહેરાત કરી.

સામાન્ય રીતે પરંપરાગત રીતે યોજાતા સમૂહ લગ્નોત્સવ કરતાં આ સમૂહ લગ્નોત્સવ અનેક રીતે વિશિષ્ટ પ્રકારનો રહ્યો.

ભારતમાં સર્વત્ર લગ્ન રજીસ્ટ્રેશન ફરજિયાત બનાવાયું છે ત્યારે ત્યાં પણ તેના માટે વિશિષ્ટ ગોઠવણ કરવામાં આવેલી.

ઉપરાંત લગ્ન પછી યુવક યુવતીના રેશનકાર્ડમાં નામ ઉમેરવાની અને નામ રદ કરવાની પ્રક્રિયાની પણ તે જ સ્થળે ગોઠવણ થયેલી. રેશનકાર્ડમાં સાસરિયાં પક્ષમાં નામ દાખલ કરવાની પુરી વિધિ પણ ત્યાં ને ત્યાં જ કરી આપવામાં આવી.

તદુપરાંત કન્યાનું આધારકાર્ડ કઢાવવાની અને મતદાર યાદિમાં જોઈતો ફેરફાર કરવાનું કામ પણ ત્યાંને ત્યાં જ થાય તેવી વ્યવસ્થા થઈ.

આવી ભવ્ય સમાજ ઉત્કર્ષની કાર્યવાહી સૌ કોઈને આંખે વળગી ગઈ.

**કુલીન લુઠીયા**-માનવજ્યોત

## આપ પ્રકાશશો સૂરજ સમાન





## કલ્પેશ માણેકજી મોતા

રાપરગઢવારી (ઘાટકોપર)

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના પ્રમુખપદે આપની વરણી થઈ તે બદલ ખૂબ ખૂબ અભિનંદન.

જ્ઞાતિ ગૌરવ જેવા આપ ધર્મ પ્રેમી જ્ઞાતિની સેવામાં દીપી ઉઠશો એવી શુભેચ્છા!

**હીરાચંદ નાગશી નાગડા પરિવાર**
**નલીઆ (ડોંબિવલી)**


ઝવેરી બજારની

**જ્યોતિ**

હવે માટુંગા (સેન્ટ્રલ રેલ્વે) માં પણ...

જ્યોતિ ઝવેરી બઝાર ખાતે

**સ્ટૉક ક્લીયરન્સ સેલ**

**શનિવાર તા. ૭ માર્ચથી ભારે છુટ**

**UPTO 50%**

જ્યોતિ સાડી ઝવેરી બઝાર લાવે છે

**Special Offer આપના માટે**

કસબ-બટકસબ-પીયવર્ક-જીકસબ
હેન્ડ. મશીનવર્ક પારસી સાડીઓ
ચણીયા ચોળી રીયલ-ટેસ્ટેડ ઘરચોળા
પાનેતર - બાંધણીઓ તથા ફેન્સી
સાડીઓના રેડી સ્ટૉક પર ભારે વળતર

134/136, 2nd Floor, Above Khadi Bhandar,
Opp. Khara Kuwa, Mumbai - 400 002
Phone : 22402786 / 22413995


## અભિનંદન છેડા પરિવાર તરફથી તમને આવકારવા ઉત્સુક સમસ્ત આસમાન...આપ પ્રકાશશો સૂરજ સમાન!!!





## કલ્પેશ માણેકજી મોતા

**(રાપરગઢવારી - ઘાટકોપર)**

તમારી આંખોમાં છે અમી
ને મુખ પર છે સ્મિત
હ્રદયમાં છે કરૂણતા
ને રગરગમાં છે સમાજ માટે પ્રીત
એવા કલ્પેશભાઈના ગુણવાન શું ગાઈએ
એમના રગરગથી તમે છો વાકેફ
શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ
મહાજન મુંબઈના પ્રમુખ પદે
આપની વરણી થઈ તેના સમાચારે
સમસ્ત જ્ઞાતિમાં
એક નવા યુગના મંડાણ થઈ રહ્યાના
એંધાણ આપ્યા છે....
જ્ઞાતિજા ગૌરવ વા
જ્ઞાતિજા ગૌરવ અયો
જ્ઞાતિજા ગૌરવ રોંધા
જ્ઞાતિ કે દીપાય રોંધા
અસાંજા લાડીલા જમાઈ
આંકે બઉ બઉ ખીર વધાઈ

**માતુશ્રી વિમલાબેન**
**લાલજીભાઈ જેતશીભાઈ છેડા**
**પરિવાર**

## શ્રી સમેતશિખરજી મહાતીર્થે 'કચ્છી ભુવન'ની કાયાપલટ માટે સહયોગ આપવા વિનંતી
## સમ્મેતશિખર કચ્છી ભવન સંસ્થાના ચેરમેન શ્રી અમરચંદ રામજી ગાલા (નવનીત)નો સકલસંઘને સંદેશો.

શ્રી સમ્મેત શિખરજી મહાતીર્થ એટલે આપણાં અનેક તીર્થંકરોની પાવન કલ્યાણક ભૂમિ, જ્યાં સેંકડો યાત્રિકો તીર્થ સ્પર્શના કરીને જીવનમાં ધન્યતા અનુભવે છે. અચલગચ્છીય આ.ભ.પ.પૂ.ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી અહીં માતુશ્રી પુનબાઈ જે ભીંસરાવાલા અચલગચ્છ જૈન કચ્છી ભુવન જિનાલયનું નિર્માણ થયેલ, જેનો યાત્રિકો સુંદર લાભ લઈ રહ્યા છે.

કેટલાંક સમયથી આ કચ્છી ભુવન (ધર્મશાળા)ના વહીવટી કાર્યમાં અનેક અડચણો ઉભી થતાં કચ્છી ભુવન ઓક્સીજન ઉપર આવી ગયેલ. જેમાં નવચેતનાનો સંચાર અનિવાર્ય જણાતાં, સાહિત્યદિવાકર, રાજસ્થાન-દક્ષિણ દીપક, યુવાચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.તેમજ પૂ. સાધુ -સાધ્વીશ્રી ભગવંતોએ એના વહીવટ કાર્યમાં સહભાગી થવા અમને આગ્રહ કરેલ.

જુના ટ્રસ્ટીઓના ટ્રસ્ટીઓના સાથ-સહકાર અને ઉત્સાહ -ઉર્જાથી થનગનતાં નવા ટ્રસ્ટીઓ/યુવાન અધિકારીઓ સાથે મળીને કાર્યવાહીનો પ્રારંભ કર્યો. જણાવતાં હર્ષ સાથે ગૌરવ થાય છે કે, બાકી રહેલી ટ્રસ્ટની તમામ પ્રોપર્ટીઓ એગ્રીમેન્ટ સાથે ચેરીટી કમિશ્નરના દફતરે નોંધાઈ ગયેલ છે. જુના બંધારણમાં દિર્ઘદૃષ્ટિ સાથે અદ્યતન સ્વરૂપ અપાયેલ છે....યુનિયનની અડચણો દૂર થઈ ગયેલ છે... સુચારૂ વહીવટનાં માંડણ થઈ ચુક્યા છે.....ઉપરોક્ત કાર્યવાહીમાં ટ્રસ્ટનાં કાબેલ યુવાન સેક્રેટરી શ્રી ચેતન ખેરાજ દેઢિયા (ગઢશીશા) ના સરકારી અમલદારો સાથેનાં સંપર્કો-સંબંધો અને પેપરવર્કમાં નિપુણતા થકી ઝડપભેર પરિણામલક્ષી કાર્યવાહીને ઝડપભેર આરંભતા સફળતાપુર્વક પૂર્ણ થયેલ છે. સાથે જુના ટ્રસ્ટીઓ શ્રી ઝવેરચંદભાઈ ભીંસરવાળા, મેઘજી ખીમજી વીરા,એડવોકેટ એલ.ડી.શાહ, શ્રી ધીરેન હરખચંદ હરીઆનો સહભોગ અને નવા ટ્રસ્ટી-અધિકારી શ્રી ડુંગરશી રામજી ગાલા, શ્રી કુલીનકાંત મોરારજી ગાલા, શ્રી મોનજી કોરશી દેઢિયા, શ્રી દિપક મુલચંદ ગોસર, શ્રી બિપીન મગનલાલ ગડાની તન-મન-ધન સાથેની સમર્પિત સેવા-ભાવના અને દિર્ઘદૃષ્ટિ થકી કચ્છી ભુવનને કાયાપલટ કરવામાં સફળતા મળેલ છે. સોનામાં સુગંધ ભળે તેમ આ તીર્થમાં પૂજ્યશ્રી પ્રેરિત શ્રી સમવસરણ ૨૦ જિનાલય તીર્થ ટ્રસ્ટ અને માતુશ્રી પુનઈબાઈ જે. ભીંસરાવાલા અચલગચ્છ જૈન કચ્છી ભુવન-જિનાલય ટ્રસ્ટને શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતાની અનન્ય સેવાઓ પ્રાપ્ત થઈ અને તેમની અનુભવસિધ્ધ દિર્ઘદૃષ્ટિ સાથે આ બન્ને સંસ્થાઓમાં આ યુવા ટીમનાં સમન્વયથી સંચાલન કાર્ય ખૂબ જ સરળ બનેલ છે. સંકુલના સુશોભુકરણ અને આધુનિક ઢબના ૮ રૂમોનું નિર્માણ કાર્યશરૂ થઈ ગયેલ.

અમે કચ્છી ભુવનની જવાબદારી સ્વીકરાતાં પૂર્વે નિર્ધાર કરેલ છે.....જુની તમામ અટવાયેલી કાર્યવાહીને કાયદેસર ઓપ આપ્યા બાદ કચ્છી ભુવનનાં નવા નિર્માણ ફંડ માટે સમાજ સમક્ષ ટહેલ મૂકવી. જે ઘડી હવે આવી પહોંચેલ હોતાં સર્વે ધર્માનુરાગી પરિવારોને નમ્ર અપીલ કરીએ છીએ કે...આપણાં સમાજનાં ગૌરવવતા 'કચ્છી ભુવન'ના નવ સંસ્કરણ સાથે નવો ઓપ આપવા માટે રૂપિયા ૧,૧૧,૧૧૧/- (નામ મૂકવાની શરતે) નિર્ધારિલ નકરા યોજનામાં આપશ્રી વધુને વધુ નામો લખાવીને, શ્રી સમ્મેત શિખરજી મહાતીર્થમાં આપનું વડિલોનું નામ કાયમી સ્મૃતિરૂપે જાળવવા સાથે આપણી સ્વપ્નપૂર્તિને સાકાર કરવા જરૂરથી સહયોગી બનજો. એવી આપ સૌને નમ્ર વિનંતી છે.

સંપર્ક સૂત્ર : શ્રી ચેતન દેઢિયા (ગઢશીશા) મો. 9821624651 • શ્રી ધીરેન હરીયા (શેરડી) મો. 9004050307




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

# સ્ત્રીઓના માનવ અધિકાર

**વનિતા**



**વિશ્વ**

માનવઅધિકાર એટલે જીવનનો, સ્વતંત્રતાનો, સમાનતાના અને કોઈ ભેદભાવ વગર વિકાસની સમાન તકનો અધિકાર. આ અધિકાર પ્રત્યેક માનવીનો જન્મસિદ્ધ, સબાધિત અધિકાર છે પરંતુ વિશ્વમાં કેટલા લોકોને માણસ તરીકે જીવનનો અધિકાર મળ્યો છે તે જાણવા પ્રયત્ન કરીએ તો ચોંકી જવાય અને સ્ત્રીઓના માનવઅધિકારની વાત કરીએ તો તો આઘાત જ પામી જવાય.

૨૦૧૩ના એક અધિકૃત અહેવાલ મુજબ વિશ્વની ૩૫ ટકા સ્ત્રીઓ જાતીય અત્યાચારનો શિકાર બની ચૂકી છે. કુલ અપરાધોમાં ૧૩ ટકાની જ ફરિયાદ થઈ છે. વિશ્વની હયાત સ્ત્રીઓમાંની સાત કરોડથી પણ વધારે ૧૮ વર્ષની ઉંમર થતાં પહેલાં જ પરણાવી દેવાયેલી છે. દર દસમાંની અડક સ્ત્રી જીવનસાથીની બળજબરીનો શિકાર છે. સ્ત્રીઓનાં અપહરણ અને સોદાનું મોટું બજાર છે. પાકિસ્તાનમાં સિવિલ અને શરિયા બે કાયદા છે. સિવિલ લૉ સ્ત્રીઓને સમાન અધિકાર આપે છે, પણ પિતૃસત્તાક સમાજ અધિકાર આપે છે, પણ પિતૃસત્તાક સમાજ અને ધાર્મિક ફરમાનો સ્ત્રીને ઊતરતી ગણે છે અને તેને અશિક્ષિત, વંચિત અને અસહાય અવસ્થામાં રાખે છે. દિવસભર મજૂરી કરીને ઘણી સ્ત્રીઓ પરિવારની રોટી રળે છે, છતાં તેમને હીણપતભરી જિંદગી વિતાવવી પડે છે.

સ્ત્રીઓ માટે સૌથી જોખમી દેશ ઈથિયોપિયા છે. પાકિસ્તાન અને મધ્યપૂર્વના ઈસ્લામી દેશો પણ સ્ત્રીઓ માટે ખતરનાક ગણાય છે. પાકિસ્તાનમાં સ્ત્રી પોતાના પતિની પસંદગી કરે તો અપરાધ છે. પરિવારે પસંદ કરેલા મુરતિયાને નકારે તો અપરાધ છે. પતિ મારપીટ કરે તેની ફરિયાદ કરવી તે અપરાધ છે. તેના પર બળાત્કાર થાય તો તે પણ તેનો જ અપરાધ છે. વ્યભિચારની શંકા આવે તો તેને પથ્થર મારીને મારી નખાય છે. ત્રીજા વિશ્વના મોટા ભાગના દેશોમાં સ્ત્રીઓ પરના અત્યાચાર અને હિંસાનું પ્રમાણ ઘણું વધારે છે. ભારતના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ઍસિડ ફેંકવો, ઓનર કિલિંગ, ઘરેલુ હિંસા, કુપોષણ, કન્યા ભ્રૂણહત્યા, ઓછું શિક્ષણ, પ્રસૂતિ અને સંતતિનિયમનની અસ્વચ્છ અને બિનઆરોગ્યપ્રદ રીતો મોટા પ્રમાણમાં જોવા મળે છે. થોડા સુધારા, થોડું સશક્તિકરણ, થોડી પ્રેરણાદાયક સ્ત્રીઓ, થોડી હમદર્દી, થોડું રક્ષણ-આ બધું પણ છે, પણ એ ઘણું અપૂરતું છે.

ભારતનું બંધારણ સ્ત્રીને સમાન દરજ્જો, સમાન તક અને તમામ ભેદભાવમાંથી મુક્તિ આપે છે, પણ સમાજમાં સદીઓથી ઘર કરી ગયેલી પરંપરાઓ અને સ્ત્રી-પુરૂષોના મનમાં ઠસી ગયેલી માન્યતાઓને પરિણામે તેનો પૂરો અમલ થતો દેખાતો નથી. સરકાર અને સ્વયંસેવી સંસ્થાઓ મહિલા સશક્તિકરણના ઘણા પ્રયાસ કરે છે. મધ્યમ વર્ગ દીકરા અને દીકરીને સરખું જ શિક્ષણ આપે છે, પુરુષો અને સાસરિયાં સમજદાર અને ઉદાર બન્યાં છે, આર્થિક રીતે આત્મનિર્ભર સ્ત્રીઓની સંખ્યા વધતી જાય છે, વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક જાગૃતિ વધતી જાય છે, છતાં ભારતમાં સુખી ગણાતી સ્ત્રીઓને પણ ફક્ત તેઓ સ્ત્રીઓ છે તે માટે ચૂપ થઈ જવું પડે છે, સંઘર્ષ કરવો પડે છે, તાબે થવું પડે છે અને સાંકડી સીમાઓથી ઘેરાઈને જીવન વિતાવવું પડે છે.

આનાં બે પરિણામ દેખાય છે. એક તો તેમના વિકાસ કુંઠિત રહે છે. આવી સ્ત્રીઓ છીછરા આનંદો અને


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.



Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

શ્રી મોમાઈ માતાજી નમઃ

## શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર

**(સ્થાન સાંયરા)**

## હાર્દિક આમંત્રણ

**સાંયરામાં શ્રી મોમાઈ માતાજીના ને નમતા ભાવિકો સહપરિવાર એવમ નિયાણી બહેનો - દિકરીઓ સહપરિવાર જોગ.....**

સહર્ષ જણાવવાનું કે આપણા કુળદેવી શ્રી મોમાઈ માતાજીની અસીમ કૃપાથી **સાંયરા** મુકામે ધ્વજા, ચંદીપાઠ, પહેડી અને શ્રી ભોઈમાની ગંધી બદલવાનો કાર્યક્રમ સવંત ૨૦૭૧ ચૈત્ર સુદ ૨ ને રવિવાર **તા.૨૨.૦૩.૨૦૧૫**નાશુભ દિવસે વહેલી સવારથી આયોજીત કરવામાં આવેલ છે. આપ સૌને સહપરિવાર પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

સ્થાનિકમાં વ્યવસ્થા સાચવવા અગાઉથી જણાવવા મહેરબાની કરશોજી.

**ખુશાલી પુર્વક જણાવવાનું કે મુંબઈ મદ્યે શ્રી મોમાઈ માતાજીની પાંચમી સમહુ પહેડી સવંત ૨૦૭૧ વૈશાખ સુદ ૮ ને રવિવાર તા.૨૬.૦૪.૨૦૧૫ના શુભ દિવસે શ્રી મનોજભાઈ કારાણી એવમ સાથી કલાકારો સથવારે સંગીતમય ભક્તિમય, ગરબારાસની રમઝટ સાથે આયોજીત કરવામાં આવેલ છે.**

આપ સૌને સહ પરિવાર પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

નોંધ : કાળા વસ્ત્રો પહેરીને નહી આવવાની કાળજી લેવા નમ્ર વિનંતી.

**• મુંબઈમાં પહેડીના લાભાર્થી દાતા પરિવાર •**
**માતુશ્રી નિર્મલાબેન વાલજી મુલજી મોમાયા (બારોઈ) સેદાપુર વાળા પરિવાર હસ્તે શ્રી કિરણકુમાર વાલજી મોમાયા (બારોઈ) સેદાપુરવાળા**

**શુભ સ્થળ / સમય**
**શ્રી કપોળવાડી, એમ.જી.રોડ,**
**ઘાટકોપર (વે) મુંબઈ - ૪૦૦ ૦૮૬**
**સવારના ૮ કલાકથી**

**સંપર્ક**
શ્રી લબ્ધીભાઈ મોમાયા (ગાંધીધામ) મો. 09825 3 51001
શ્રી હીરાચંદભાઈ મોમાયા (ઘાટકોપર) મો. 098703 36826
શ્રી ધનપતિભાઈ મોમાયા (જલગામ) મો. 094231 85716
શ્રી દિનેશભાઈ મોમાયા (ડોંબિવલી) મો. 098206 78051
શ્રી ભદ્રેશભાઈ મોમાયા (મુલુંડ) મો. 098331 31359
શ્રી પંકજભાઈ મોમાયા (ઘાટકોપર) મો. 098201 43287
શ્રી શ્રેણીકભાઈ મોમાયા (મુલુંડ) મો. 093237 85320

**નિમંત્રક**
**શ્રી ભોઈમા જયાબાઈ નવિનચંદ મોમાયા**
**તથા મોમાઈ માતાજી પરિવારના જય માતાજી**

અનિયંત્રિત લાગણીવેડામાં સરી જાય છે અને ગંભીર બૌદ્ધિક પ્રવૃત્તિઓમાં પોતાને ઓછું જોડી શકે છે. બીજું તેઓ વિદ્રોહી બની જાય છે. આવી સ્ત્રીઓ પુરુષવિરોધી બની ઝઘડાળુ, નારાબાજ અને ઝંડાધારી બની જાય છે. કુંઠિત વિકાસ કે નારાબાજ વિદ્રોહ, બેમાંથી કોઈ સ્વસ્થ વિકાસનું લક્ષણ નથી.

વિશ્વની અડધી વસતિ સ્ત્રીઓની છે. આમાંની ૭૦ ટકા ગરીબ છે. ત્રીજા ભાગની લખી-વાંચી શકતી નથી. તેઓ ખેતરોમાં મજૂરી કરે છે, પશુઓ ચરાવે છે, ઘર-બાળકો અને વૃદ્ધોની કાળજી રાખે છે, પણ ઈતિહાસકારો, સંસ્કૃતિ, સમાજ, નેતાઓની દુનિયામાં તેમના કામની કોઈ કિંમત નથી. દીકરીઓને ઓછું પોષણ કે શિક્ષણ અપાય છે દહે જ માટે તેમને ત્રાસ અપાય છે કે હત્યા થાય છે. તેને જાતીય સતામણી, બળાત્કાર અને ઘરેલું હિંસાનો ભોગ બનવું પડે છે. યુદ્ધ કે હુલ્લડમાં સ્ત્રી ભાગ લેતી નથી છતાં બર્બરતાનો શિકાર અચૂક બને છે.

સ્ત્રીઓ પ્રત્યે આચરાતા ભેદભાવને દૂર કરવાના પ્રયાસમાં ૧૯૭૯નું યુએનનું કન્વૅન્શન ઑન ધ એલિમિનેશન ઑફ ઓલ ફોર્મ્સ ઓફ ડિસક્રિમિનેશન અગૅન્સ્ટ વિમૅન મુખ્ય છે. આ સંમેલનમાં ૧૮૦ દેશોએ ભાગ લીધો હતો અને સ્ત્રીઓ પ્રત્યે આચરતા ભેદભાવને દૂર કરવાના કરાર કર્યા હતા, જેમાં સ્ત્રીઓને શિક્ષણ, જાહેર પ્રવૃત્તિ, રાજકારણ, વ્યવસાય અને આરોગ્ય ક્ષેત્રે વિકાસની સમાન તક આપવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. ત્યાર પછીની મહત્ત્વની ઘટના એટલે માનવઅધિકારો ઘોષણા થયાના ૪૫મા વર્ષે અને યુએન સંમેલનના આઠ વર્ષ પછી વિયેનામાં થયેલી હ્યુમન રાઈટ્સ કૉન્ફરન્સ. તેમાં સ્પીચ આપતાં હિલેરી ક્લિન્ટને કહ્યું હતું, 'આ સંમેલનનો સૌથી મોટો પડકાર વિશ્વના ખૂણેખૂણે વસેલી એ સ્ત્રીઓને વાચા આપવાનો છે, જેમની અનુભૂતિ પર કોઈએ ધ્યાન આપ્યું નથી, જેમના શબ્દો કોઈએ સાંભળ્યા નથી.' માનવી તરીકે સ્ત્રીને મળવા જોઈતા અધિકારોમાં શંકાને કોઈ સ્થાન નથી, છતાં તેઓ ઉપેક્ષિત અને ભેદભાવનો શિકાર બનતી રહીછે.

સ્ત્રીઓને થતો અન્યાય તેમના જીવનને જ નહીં, વિશ્વની પ્રગતિને પણ અવરોધે છે. ૧૯૯૩માં બોલાયેલા હિલેરી કિલન્ટનના શબ્દો 'વિમૅન્સ રાઈટ્સ આર હ્યુમન રાઈટ્સ' આજે પણ ચલણી સિક્કાની જેમ વપરાય છે. આ શબ્દો બોલાયાને બે દાયકા વીતી ગયા છે, પણ સ્થિતિમાં ખાસ ફરક પડયો નથી. સ્ત્રીઓના મૂળભૂત અધિકારો ઉપેક્ષિત થતા રહ્યા છે અને હણાતા રહ્યા છે- ઘરમાં, સમાજમાં કામના સ્થળે-બધે જ. થોડી પ્રગતિ ચોક્કસ દેખાય છે, પણ હજી ઘણા પડકારો અને મોટા અવરોધો ઊભા છે.

લડાઈ વ્યક્તિગત પણ છે અને સામુદાયિક પણ.

**- સોનલ પરીખ (જન્મભૂમિ માંથી સાંભાર)**

## ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રીએ પ્રબોધ મુનવરનું સન્માન કર્યુ.

ધી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ - કચ્છ દ્વારા વાઈબ્રાન્ટ કચ્છ - ૨૦૧૫નું આયોજન ૨૮ ફેબ્રુઆરીના લાલન કોલેજ ભુજ મધ્યે થયું. જેમાં દેશ વિદેશનાં ઉદ્યોગીપતિઓ પણ જોડાયા હતા.



આ કાર્યક્રમમાં ઉપસ્થિત વિશાળ જનમેદની વચ્ચે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ બદલ શ્રી પ્રબોધ મુનવરનું ધી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ-કચ્છ દ્વારા રાજ્યનાં મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલનાં વરદ્ હસ્તે સન્માન કરી મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. મુખ્યમંત્રીશ્રીએ શ્રી મુનવરની સેવાકીય પ્રવૃત્તિઓ બિરદાવી તેઓને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

## માનવ જ્યોતે સરકારી તંત્ર સાથે મળી સ્વાઈનફ્લુ સામે ૯૬ હજાર લોકોને રક્ષણ આપ્યું.

કચ્છ જિલ્લા કલેક્ટર સાહેબશ્રી, કચ્છ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, કચ્છ જિલ્લા પંચાયત ચેરમેન શ્રી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીનાં આયોજન અને માર્ગદર્શન હેઠળ માનવજ્યોત સંસ્થા ભુજનાં સહકારથી સ્વાઈનફ્લુ સામે રક્ષણ આપવાનું કામ કરી રહી છે. ૫૪૩૮૦ લોકોને અનેક વિધ આયુર્વેદિક ઔષધિઓમાંથી તૈયાર કરવામાં આવેલ ગરમ ઉકાળો પીવડાવવામાં આવેલ. તથા ૪૨૧૧૦ લોકોને હોમીયોપેથીક ગોળીઓ વિતરણ કરવામાં આવેલ.

સંસ્થાનાં વાહનો જુદા-જુદા વિસ્તારોમાં લોકોસુધી પહોંચ્યા હતા અને લાઉડસ્પીકરથી શેરીએ લોકોને સ્વાઈનફ્લુ સામે જાગૃત અને સાવચેત કરાયા હતા. સંસ્થાના કાર્યકરોની ટીમ ખડેપગે સેવાઓ આપી હતી. હોમિયોપેથીક નિદાન કેમ્પ યોજીને નિષ્ણાંત ડોક્ટરશ્રીઓ દ્વારા લોકોને સારવાર આપવામાં આવેલ. સક્ષમ તથા વિવિધ સંસ્થાઓ પણ આ કાર્યમાં માનવજ્યોત સાથે જોડાઈ હતી.

માનવજ્યોતનાં શ્રી પ્રબોધ મુનવર, ભવાનજીભાઈ ઠક્કરની આગેવાની હેઠળ સંસ્થાનાં સર્વે કાર્યકરોએ સેવાઓ આપી હતી. હજુ પણ આ કાર્ય આગળ ધપી રહ્યું છે.


શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

CREATIVE CRAFT SPECIAL FOR PAPER QUILLING
કાગળને કલાત્મક રીતે વાળીને આકાર આપતા શીખો.
Basic & Advance Courses • બેઝીક અને એડવાન્સ કોર્સીસ
Vacation & regular Batches • વેકેશન અને રેગ્યુલર બેચેસ
Indupama Kiran Dand - ઈન્દુપમા કિરણ દંડ
98197 13936

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન ®
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

પ્રોફેસર એડવોકેટ શ્રી હેતલબેન લહેરચંદ મૈશેરીનો દિલ્હીમાં મહાનુભાવોની ચાહના મેળવી, સંસદમાં ભાષણ કરનાર પ્રથમ જ્ઞાતિજન બનવાનું માન મેળવવા બદલ અભિનંદન.. તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental ™
MADHUBAN - JHARKHAND

## શ્રી ક.દ.ઓ.જૈન સાંયેરા મહાજન ટ્રસ્ટ, સાંયેરા

ટ્રસ્ટ નોંધણી નં : એ . ૪૩૩ - કચ્છ

સાંયેરા - કચ્છ

### ઓડીટેડ બેલેન્સ સીટ અને આવક જાવક તા.૩૧.૦૩.૨૦૧૪

| ફંડ અને જવાબદારીઓ | રકમ | મિલકત અને લહેણું | રકમ |
|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૨૮૯૯૬૧૨.૦૮ | સ્થાવર મિલકત | ૫૧૮૮૮.૦૦ |
| ખાસ જોગવાઈ હેઠળની રકમ | | જંગમ મિલકત | ૨૧૭૨૩૧.૦૦ |
| પાચ વર્ષમાં વાપરવાની શરતે | ૧૭૨૩૬૬૪.૦૦ | દર-દાગીના | ૨૫૮૪૨૯૫.૦૦ |
| કાયમી અંકિત ફંડો | ૪૧૯૯૪૮૧.૯૦ | HDFC FDR | ૯૦૫૦૦૦૦.૦૦ |
| ચાલુ અંકિત ખાતાઓ | ૩૬૬૭૭૦.૭૯ | TDS ની રકમ | ૨૩૨૬૩૯.૫૬ |
| જ્ઞાનશાળા કાટમાળ વેંચાણ ડિપોઝીટ | ૩૫૦૦૦.૦૦ | બેંક બચત ખાતાઓની રકમ | ૬૯૦૧૫૬.૧૨ |
| ધનંજય કનસ્ટ્રકશન | ૭૮૨૧૦૦.૦૦ | રોકડ હાથ ઉપર | ૮૪૫૨.૦૦ |
| TDS ભરવાનું બાકી | ૭૯૦૦.૦૦ | | |
| | | | ૧૨૮૩૪૬૬૧.૬૮ |
| | | **આવક - જાવક ૦૧.૦૪.૨૦૧૩ - ૩૧.૦૩.૨૦૧૪** | |
| | | **દેરાસરજી આવક/જાવક** | |
| | | કુલ આવક | ૪૧૪૯૬૯.૦૦ |
| **આવક/જાવક** | | બાદ : જાવક | ૩૪૫૭૦૬.૦૦ |
| **દેરાસરજી આવક/જાવક** | **૫૮૨૪૯૮.૯૧** | વર્ષ આખરે વધારો | **૬૯૨૬૩.૦૦** |
| (૫૧૩૨૩૫.૯૧ - ઓપનીંગ | | **સાધારણ આવક/જાવક** | |
| ૬૯૨૬૩.૦૦ - વધારો) | | કુલ આવક | ૮૦૩૨૭૭.૦૦ |
| **સાધારણ આવક/જાવક** | **૧૯૬૧૬૫૭.૫૨** | બાદ : જાવક | ૫૦૫૦૬૯.૦૦ |
| (૧૬૬૩૪૪૯.૫૨ - ઓપનીંગ | | વર્ષ આખરે વધારો | ૨૯૮૨૦૮.૦૦ |
| ૨૯૮૨૦૮ - વધારો) | | **મહાજન આવક/જાવક** | |
| **મહાજન આવક/જાવક** | **૨૭૬૯૭૬.૪૮** | કુલ આવક | ૨૦૩૯૫૬.૦૦ |
| (૧૯૭૩૧૭.૧૯ - ઓપનીંગ | | બાદ : જાવક | ૧૨૪૨૯૬.૭૧ |
| ૭૯૬૫૯.૨૯ - વધારો) | **૧૨૮૩૪૬૬૧.૬૮** | વર્ષ આખરે વધારો | **૭૯૬૫૯.૨૯** |

Auditors

મે. ખીમજી કુંવરજી એન્ડ કું. C.A. (ગાંધીધામ)

**SHRI ARIHANT CO- OPERATIVE BANK LIMITED**

ESTED. 1984

(REG. NO. BOM / BNK / 175 OF 1984)

**HEAD OFFICE :**
GB 10A & 10B, Karma Stambh,
L.B.S. Marg, Vikhroli (West),
Mumbai - 400 083.
Tel.: 2579 9326
Vodafone FCT 96194 86622
Fax No.: 022 - 2579 9323
E-mail : acblho@arihantbank.com
Website : www.arihantbank.com

**આધુનિકીકરણ પામેલ ચીંચબંદર શાખાને કાર્યાન્વિત કરવાના કાર્યક્રમમાં પધારવા નિમંત્રણ**

બેંકની ચીંચબંદર મુંબઈ શાખાના આધુનિકીકરણ કરાયેલ કાર્યલયના વિધિવત કાર્યવન્ત કરવાના કાર્યક્રમ પ્રસંગે પધારવા બેંકના શેયરધારકો, ખાતેદારો, ગ્રાહકો, શુભેચ્છકો તથા સમાજના સભ્યોને ભાવભર્યુ આમંત્રણ છે.

વિશેષમાં આ પ્રસંગે બેંકીંગ ક્ષેત્રની અત્યંત આધુનિક સેવાઓ : ૧) મોબાઈલ ફોન દ્વારા ખાતામાં ત્વરીત રકમ જમા (IMPS Credit through Mobile) • ૨) આધારકાર્ડ આધારિત વગેરે (LPG) ચુકવણી રકમ ખાતામાં જમા સબસીડી ગ્રાહકોને સમર્પિત કરવામાં આવશે

માંગલિક આશિષ, પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.દ્વારા

સમય : શનિવાર, તા.૧૪.૦૩.૨૦૧૫ બપોરના ૨.૩૦ થી ૪.૩૦ કલાકે

સ્થળ : અનંત નિવાસ નરશી નાથા સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૯

લિ. બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ

| | | |
|---|---|---|
| **શ્રી મહેન્દ્ર દેવજી ખોના** | **શ્રી કલ્યાણજી ચાંપશી છેડા** | **શ્રી ખેતશી દેવશી ખોના** |
| (ચેરમન) | (વાઈસ-ચેરમન) | (સી.ઈ.ઓ.) |

૨×૨ PUSH BACK

યાત્રા–પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા

**તન-મન®**
**ટુર એન્ડ ટ્રાવેલ્સ**

**093233 60708**
**098690 17285**
**2590 3514-5-6**
tanmantravels@yahoo.co.in
www.tanmantourandtravels.com

• રોજીંદી ઉપયોગી સામગ્રીનું કીટ • મીનરલ વોટર • ડ્રાયફ્રુટ-ટાઈમ પાસ પેકેટો •

• ભાવ-સગવડતાઓ અને ઈન્કલુઝન ખાસ સરખાવી જોવા વિનંતી •

દુબઈ – આબુધાબી • નેપાળ • ભુતાન

**ઓસ્ટ્રેલીયા**

**ALL INCLUSIVE**
**₹ 1,35,555 + 1999 AUD**

**ગોલ્ડકોસ્ટ • મેલબર્ન • કેઈર્ન્સ • સીડની**

**પ્રસ્થાન 10 જુન • 11 રાત્રી - 12 દિવસ**

**ભરપુર સાઈટ સીન • All Veg./Jain Meal**

**ચીમન મોતા સંગાથે**

**જૈન દેરાસરો • 3-4 સ્ટાર હોટલો • A.C. સ્વતંત્ર વાહનો**

**જવા-આવવા અને ઈન્ટરનલ 3 વિમાન ટીકીટ સહિત કુલ 5 વિમાન મુસાફરી**

**મુલુન્ડકરો માટે**

**ફક્ત પહેલા ૧૦ પ્રવાસીઓ માટે પ્રારંભીક ઓફર :**

**₹ 10,000 નું માતબર ડિસ્કાઉન્ટ**

• સીંગાપોર • મલેશીયા • થાઈલેન્ડ ક્રુઝ સાથે/સિવાય •

## ભુલસુધાર : અરિહંત બેંકનાં શેરધારકોને સુચના

ACBL ESTED. 1984

પ્રકાશ સમીક્ષાનાં અંક નં. ૮ નાં ૧૧માં પાનાપર છપાયેલ અરિહંત બેકની જાહેર ખબરમાં બેંકના કોઈપણ ખાતામાં ઓછામાં ઓછી જમા રકમ (મિનિમમ ક્રેડીટ બૅલેન્સ) રૂપિયા ૫૦૦/- રાખવાનુ ફરજિયાત છે એમ હાવું જોઈએ તેને બદલે (મિનિમમ ક્રેડીટ બેંક) છપાયું છે તે સુધારીને વાચવું


**આદરાંજલિ**

**સમાજ રત્ન**

શેઠ શ્રી રાયચંદભાઈ હંસરાજભાઈ ધરમશી

શ્રદ્ધાંજલી સુમન અર્પણ કરનાર...

શ્રી કિશોર રાયચંદભાઈ લાલકા પરિવાર

મુલુન્ડ - મોટીખાવડી



**નોકરી ખાલી છે.**

જોઈએ છે તેરા-કચ્છ સ્થિત પાંજરાપોળ તથા ખેતીકામ માટે મહેનતુ, વિશ્વાસુ માણસ. રહેવાની સગવડ મળશે. કુટુંબ સાથે હશો તો બન્ને ને કામ મળશે. હસ્તલિખિત અરજી સાથે ફોન કરી મળો (જ્ઞાતિજનને પ્રથમ પસંદગી)

શ્રી. ક.દ.ઓ. જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ- તેરા)

ફોન : (૦૨૮૩૧) ૨૮૯૨૨૩/૨૪

મુંબઈ ઑફિસ ફોન : ૨૫૬૪૭૫૭૨


***રીઝર્વ બેંકની સૂચના અનુસાર બેંકના આગ્રહ પ્રમાણે નામ પ્રકાશ સમીક્ષા માટેના ચેકોમાં નામ C.D.O. Prakash Samiksha Samiti એમ લખવું જરૂરી છે.***

## અગત્યની સુચનાઓ

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 350/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**સુચના :**
જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/ વ્હાઈટ છે કે કલર છે, જા. ખ. ની સાઈઝ, જા. ખ. નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

## પરદેશ માટે પ્રકાશ સમીક્ષાનું વાર્ષિક લવાજમ

પોસ્ટ ખાતા તરફથી મળેલ રાહત અંગેની શરતો મુજબ, દર સપ્તાહે દેશભરમાં પ્રકાશ સમીક્ષાની ૭૦૦૦ જેટલી નકલો પોસ્ટ કરતી વખતે વિદેશના ગ્રાહકોને પણ આવરી લઈને અંકો પોસ્ટ કરી શકાય તે માટે પોસ્ટ ફીનો દર પ્રત્યેક અંક માટે રૂા. ૩૫ થી રૂા. ૪૦ જેટલો હોતાં પરદેશ માટે વાર્ષિક લવાજમ રૂા. ૨૫૦૦/- (બે હજાર પાંચસો) રાખવાનો નિર્ણય લેવાયેલ છે, તેની નોંધ લેવા વિનંતી.(દર મંગળવાર/બુધવારના અંકો અચૂક પોસ્ટ થાય છે.)

● ચાલુ અંક માટે મેટર બુધવાર સુધી મોકલવી જરૂરી. ● પત્રો/ઈ-મેલમાં પુરૂં નામ (શક્યત : દાદા સહિત) લખવું. અટકમાં શાહ તરીકે ઓળખાણ હોય તો તે ઉપરાંત મૂળ અટક લખવી.

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, આણંદ

તા.૦૧.૦૨.૨૦૧૫ના આણંદના લાયન્સ હોલ ખાતે પશ્ચિમ એકમની કારોબારી સભ્યોની સભા મળેલ. ત્યારબાદ એકમની સામાન્ય સભા મળેલ. તે પછી આણંદ મહાજનના સભ્યોના સ્નેહમિલનનો કાર્યક્રમ રાખેલ.

● સામાન્ય સભા દરમ્યાન આણંદના ડૉ.ઠાકરશીભાઈ મૈશેરી, અગાસના શ્રી લલીતભાઈ લોડાયા, શ્રી સૂર્યકાન્તભાઈ આશારીયા તથા શ્રી અનિલભાઈ મૈશેરીનું શાલ થી સજોડ સન્માન કરવામાં આવેલ.

● આણંદ/વિધ્યાનગર મધ્યે ઉચ્ચતર શિક્ષણ મેળવતા તેજસ્વી તારલાઓ ચિ.દિપક મૈશેરી, નિરાલી દંડ જલ્પા લોડાયા, બિમલ લોડાયા, દર્શન લોડાયા તથા અભિષેક દંડનું પુષ્પગુચ્છ તથા કવર આપીને પ્રોત્સાહન આપવામાં આવેલ.

● એકમ ના પ્રમુખશ્રીએ પોતાના પ્રવચનમાં મહાજન તથા એકમને વધારે પ્રગતિશીલ કરવા અંગે પોતાના વિચાર રજુ કર્યા જ્યારે ડૉ.ઠાકરશીએ ભાઈએ પોતાના પ્રવચનમાં એકમને વિવિધ સુચનો આપેલ જેથી એકમની પ્રગતિ થાય તથા એકમને રૂ. ૨૫૦૦/- નું અનુદાન આપેલ.

● સભા દરમ્યાન માતુશ્રી ચંપાબેન વિનોદભાઈ લોડાયાના સુપુત્ર શ્રી ચેતનભાઈ દ્વારા રૂ.૫૫૦૦/- નું અનુદાન જાહેર થયેલ.

● આણંદ મહાજનને આ પ્રસંગે કુલ રૂ.૯૦૦૦/- નું અનુદાન મળેલ.

● પ્રાસંગિક પ્રવચન બાદ પ્રમુખશ્રી નિતીન ધરમશીએ સભાનો આભાર માનેલ.

**ભુલસુધાર :**
અંક નં ૮માં ૨ પાને ચિ. તેજસ (સી.એ.) જાહેરાતમાં ભાઈ: ચિ. નેમ જીગ્નેશ ખોના સમસ્ત નાગડા અને ખોના પરિવાર વાંચવું

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

### શ્રી ક.દ.ઓ.જૈન.મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ, ધુલિયા

ધુલિયા મહિલા મંચની સભા પોષ સુદ ૧૪ને શનિવાર તા.૦૩.૦૧.૨૦૧૫ના સેક્રેટરી સૌ. નમ્રતાબેન આશિષ સોનીના નિવાસસ્થાને પ્રમુખ સૌ.પ્રીતિબેન કાજલ મોમાયાના પ્રમુખપણા હેઠળ મળેલ. સૌ.નમ્રતાબેને સહુનું સ્વાગત કરી નવા વર્ષની શુભેચ્છા આપેલ. મહિલા મંચ તરફથી નવા વર્ષની શુભેચ્છા આપવામાં આવેલ.

સૌ.રંજનાબેન મેઘજીભાઈ સોનીએ વસાણાથી ભરપૂર મેથીના લાડુ બનાવતાં શીખવેલ. સાથે રસોઈની કેટલીક ટીપ્સ પણ આપેલ. સૌ.નમ્રતાબેને એક ગેમ રમાડેલ. જેમાં પ્રથમ સૌ.પ્રેરણાબેન વરુણ ભાટે તથા દ્વિતીય સૌ. નીતાબેન વસંત ગોસર વિજેતા થયેલ. સરપ્રાઈઝ ગેમમાં સૌ. ભાવનાબેન તૈલેષ ભાટેને ઈનામ મળેલ. વિજેતાઓને સૌ.નમ્રતાબેન તરફથી સૌ.રંજનાબેન સોનીના હસ્તે ઈનામ આપવામાં આવેલ.

મહિલા મંચની સભા મહા સુદ એકમને મંગળવાર તા.૨૦.૦૧.૨૦૧૫ના ઉપપ્રમુખ સૌ. શીતલબેન પરેશ ભાટેના નિવાસસ્થાને પ્રમુખ સૌ. પ્રીતિબેન કાજલ મોમાયાના પ્રમુખપણા હેઠળ મળેલ. સૌ. શીતલ બેને સહુનું સ્વાગત કરેલ સાથે મકરસંક્રાત તથા પ્રજાસત્તાક દિનની શુભેચ્છા આપેલ.

પ્રજાસત્તાક દિનનિમિત્તે મહિલા મંચ તરફથી રાષ્ટ્રધ્વજ બનાવવાની રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રથમ સૌ. મનિષાબેન વિનોદ ભાટે તથા દ્વિતીય સૌ. પ્રેરણાબેન વરુણ ભાટે વિજેતા થયેલ. નિર્ણાયક તરીકે સૌ. ઉજ્જવલાબેન પ્રશાંત પાટીલે સેવા આપેલ. તેમનો સૌ.શીતલબેને પરિચય

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
● સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
● રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા 92234 25676

આપેલ અને સૌ. મધુમતીબેન ભાટેના હસ્તે શ્રીફળ અને પુષ્પથી સન્માનકરેલ. સૌ.ઉજ્જવલાબેને સ્પર્ધા અંગે પોતાના વિચાર વ્યક્ત કરેલ.

મહિલા મંચ તરફથી મકરસંક્રાતિ પ્રસંગે હલ્દીકંકુનું આયોજન કરવામાં આવેલ. સૌ. શીતલાબેને એક મિનિટ લક બાય ચાન્સ ગેમ રમાડેલ. જેમાં પ્રથમ સૌ. પ્રેરણાબેન વરુણ ભાટે તથા દ્વિતીય સૌ. ભાવનાબેન હેમેન લોડાયા વિજેતા થયેલ. સરપ્રાઈઝ ગેમમાં ઈનામ આપવામાં આવેલ. સૌ.શીતલબેને આભારવિધિ કરેલ.

૧૬.૦૨.૧૫ના શ્રીમતી વર્ષાબેન લલિત છેડા જેમણે ઘણા વર્ષોથી અમદાવાદમાં એક્યુપ્રેશર સારવારથી લોકોને મોટા ખર્ચાળ ઓપરેશનથી બચાવ્યા છે, તેમણે મહિલા મંચમાં કોઈ પણ ચાર્જ લીધા વગર સરળ ભાષામાં પ્રત્યક્ષીકરણ યોજયું હતું અને એક્યુપ્રેશર વિશે જાણકારી આપી તથા પ્રેક્ટિકલ પોઈન્ટસ કરીને બતાવેલ. અંતે અલ્પાહાર લઈ સૌ છુટા પડયા.

## બડગરા શ્રી વિમલનાથ જિનાલયની વર્ષગાંઠ

અત્રેના દેરાસરજીની ૧૬મી વર્ષગાંઠ નિમિત્તે નીચે મુજબ કાર્યક્રમ સાથે ઉજવાયા ૨૧.૦૨.૧૫ના દેવી શ્રી મહાકાળી માતાજીની ભાવના ૨૨.૦૨.૧૫ ના સ્નાત્રપૂજા બાદ ૧૮ અભિષેક રાખેલ. બપોરના સ્વામીભક્તિ માતુશ્રી વેલબાઈ વેરશી લધાભાઈ પોલડીયાના સ્મરણાર્થે શા જીવરાજ વેરશી પોલડીયા પરિવાર તરફથી ૨૩.૦૨.૧૫ના સ્નાત્રપૂજાનો રોહણ વિધિ થયેલ. બપોરના સંઘ તરફથી સ્વામિવાત્સલ્ય જમણ અને રાતના ભક્તિ ભાવના થયેલ.

વિધિ માટે મુંબઈ જય જીનાલય આરાધક મંડળના શ્રી ભરતભાઈ બોરીઆએ સુંદર શૈલીમાં કરાવેલ.

સકલ સંઘ સાથે મહેમાનોએ પણ ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ.

## સાંયેરા

તા. ૨૪.૧૨.૧૪ ના ખોના પરિવારના ભાવિકો મહેમાનો તથા ગામવાસીઓએ પ્રભુજીની ભાવના બહુજ સારી રીતે ભણાવેલ .તા. ૨૫.૧૨.૧૪ ના ખોના પરિવારના જુહાર પ્રસંગે માતુશ્રી ધનબાઈ શામજી વીરજી ખોના પરિવાર તરફથી આખો દિવસ તથા સાંજના ચૌવિહાર સ્વામી વાત્સલ્ય જમણ થયેલ. સાંજના સંગીત સંધ્યામાં શ્રી કિશોરભાઈ નેહાબેન પટેલ તથા તબલચી હારૂનભાઈ મીરે તબલા વગાડીને બધાને ખુશ કરેલ. ખોના પરિવારના ભાવિકો તથા મહેમાનો આશરે ૩૫ જણ આવેલ.

**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન વરાડીયા**
**અ.સામાન્ય સભા નોટીસ**

સંસ્થાની અ.સામાન્ય સભા રવિવાર તા.૨૨.૦૩.૧૫ બપોરના ૩.૦૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ દેવપુંજ બીલ્ડીંગ કસ્તુરબા રોડ, મુલુંડ, (વે) મુંબઈ મધ્યે બોલાવવામાં આવેલ છે. સર્વે મેમ્બરોને સમયસર પધારવા અનુરોધ.

**એજંડા કાર્યસૂચિ**

૧ ગતસભાની મિનિટ્સનું વાંચન તથા બહાલી
૨ દેરાસરજીના પરિસર માટે આવેલ કોટેશન બાબત
૩ ભોજનાલય નિર્માણના લાભાર્થી
માતુશ્રી માંકબાઈ લધાભાઈ મોમાયા જૈન ભોજનાલય માટે આવેલ માતબર દાનની રકમની ઓફર બાબત ચર્ચા વિચારણા તથા બહાલી
૪ અન્ય કાર્યવાહી પ્રમુખશ્રીની સહમતીથી
સભાબાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**લી. શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ ટ્રસ્ટ વતિ ટ્રસ્ટીગણ**

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

## સાંગલીની જ્ઞાતિના મહિલાને રાષ્ટ્રીય જાગૃતિ યાત્રામાં સ્થાન



સાંગલીના જ્ઞાતિ મહિલા મયુરી શાહએ દેશના ૧૨ ભાગોની જાગૃતિ યાત્રા કરી ચર્ચાસત્રો-મહાનુભવોની મુલાકાત લેનારા વિશ્વભરના ૪૫૦ યુવા પ્રતિનિધિઓમાં સ્થાન પ્રાપ્ત કર્યુ અને આ જાગૃતિ યાત્રા બાદ સાંગલી કચ્છી સમાજ તથા રોટરી ક્લબ ઓફ સાંગલીમાં પોતાની જાગૃતિ યાત્રા વિશે કાર્યક્રમ આપ્યા.

*- પ્રકાશ સમીક્ષાના હાર્દિક અભિનંદન*

## સાવલા & લોડાયા દ્વારા સંયમ પંથે જવા ઉત્સુક
## ૧૦૮ દીક્ષાર્થી મુમુક્ષુરત્નોની તીર્થંકરોની ૧૦૮ કલ્યાણક ભૂમિઓની સમુહ યાત્રાનું આયોજન

પ્રવીણ ટોકરશી લોડાયા (કોઠારા) અને ભરત રતનશી સાવલા (નવાવાસ) ની ટૂરની કંપની. સાવલા એન્ડ લોડાયા એ પોતાના માનવંતા યાત્રીકોના સહયોગે, નિઃસ્વાર્થ ભાવે સમસ્ત જૈન સમાજના ૧૦૮ મુમુક્ષરત્નો માટે ૨૧ દિવસીય ૧૦૮ કલ્યાણક ભૂમિઓની યાત્રાનું તા. ૨૯.૧૧.૧૪ થી તા.૧૯.૧૨.૧૪ દરમ્યાન આયોજન કરેલ. યાત્રા દરમ્યાન આવનાર કલ્યાણક ભૂમિઓ - શ્રી સમેતશીખરજી મહાતીર્થ, ઋજુવાલીકા, કાકંદી, ક્ષત્રિયકુંડ, પાવાપુરી, રાજગૃહી,ભદ્રીલપુર, વારાણસી (ભેલપુર, ભદૈની, સિંહપુરી, ચંદ્રપુરી), કૌશાંબી, પુરીમતાલ, રત્નપુરી, અયોધ્યા, શ્રાવસ્તી, કંપીલપુર, હસ્તિનાપુર, શૌર્યપુરી ઉપરાંત કુંડલપુર, ગુણીયાજી, અહીછત્રા્, મથુરાની યાત્રા કરાયેલ.

સમસ્ત જૈન સમાજના વિવિધ સમુદાયના ૧૦૮ મુમુક્ષુઓ ૧૦૮ કલ્યાણયક ભૂમિઓની યાત્રાર્થે તા.૨૯/૧૧ ના રાત્રે કલકત્તા પ્રયાણ વખતે મુમુક્ષુઓને યાત્રાર્થ વિદાય આપવા એક સાથે મુમુક્ષુઔના દર્શન કરવાનો સુંદર પ્રસંગ સાંપડેલ.

## શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય -કલા પુરસ્કાર

કચ્છના કલા-સાહિત્ય જગતમાં આદરભર્યુ સ્થાન ધરાવનાર, કચ્છના કલા-સાહિત્ય ધર્મીઓની ખરી અનુમોદના કરનાર, કલા સાહિત્યને પોષનાર અને સર્જન પ્રક્રિયાના અંતરંગોને જન-સમુદાય સુધી પહોંચાડી, કલાકાર-સાહિત્યકાર અને ભાવક વર્ગ વચ્ચે સેતુરૂપ ‘શ્રીમતી તારામતી વિશનજી ગાલા’ સાહિત્ય કલા પારિતોષિક આ વર્ષનો મેળાવડો તાજેતરમાં મુંબઈ-દાદરના વૈદ્ય સભાગૃહ, કિંગ જ્યોર્જ સ્કુલ ખાતે સંપન્ન થયો. આ પારિતોષિક પ્રાપ્ત કરનાર આ વર્ષના કલાવંતો હતા, શ્રી લાલજી વેલજી મેવાડા-સુથાર (કચ્છી કવિ સાહિત્યકાર-કચ્છી ભાષાની આજીવન સેવા માટે), શ્રી કીર્તિભાઈ ખત્રી (કચ્છમિત્રના માધ્યમ દ્વારા કચ્છ અને કચ્છીયતની આજીવન સેવા માટે), કવિયત્રી મુક્તાબેન નાનજી ઠક્કર ઉષ્મા (કચ્છી કાવ્યસંગ્રહ હીંયેજી હટડી-૨૦૧૩માં કચ્છી સર્જન માટે પ્રોત્સાહક પારિતોષિક),શ્રી વાલજી ભટ્ટી(કચ્છી લોક ગાયકીમાં આજીવન પ્રદાન માટે) અને શ્રી બિપિન રમણીકલાલ સોની (ચિત્રકળા ક્ષેત્રે આજીવન સેવા બદલ).

કાર્યક્રમારંભે સુત્રભાર ડૉ. ગુલાબ દેઢીયાએ સૌને આવકારી કળા સાહિત્યની ભૂમિકા આપી પારિતોષિક સમિતિની ઓળખ આપી હતી. સમિતિના વરિષ્ઠ સભ્ય અને ‘કુંજલજી કુણકાર’ના તંત્રી, કચ્છી ભાષાના આજીવન ભેખધારી કવિ શ્રી માધવ જોષી ‘અશ્ક’, ડૉ. માધુરી છેડા(એસ.એન.ડી.ટી. ના પૂર્વ ડીન) કવિ-સાહિત્યકાર ડૉ. વિશન નાગડા, શ્રી લક્ષ્મીચંદ ગોગરી, શ્રીમતી તારામતી બહેન અને શ્રી વિશનજી હરશી ગાલા, તેમજ જેઓને પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા હતા એવા સાહિત્યકારો અને કલાકારોએ સરસ્વતી દેવી સમક્ષ દીપ પ્રાગટ્ય કર્યુ. વાલજી ભટ્ટીએ કલાવૃંદો ખુશ્બુસહ અને ફોરમ દેઢીયા સાથે કચ્છી લોક સંગીત પ્રસ્તુત કર્યુ હતું અને તેમને લક્ષ્મીચંદ ગોગરી અને ગીતા ધરોડે સાથ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ગુલાબ દેઢીયા અને ડૉ. વિશન નાગડાએ કર્યુ હતું.

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**કિર્તી શશિકાંત લોડાયા** ૦૩/૧૦૩, મોનાલીસા કોમ્પલેક્સ, મોર મેઘા સ્ટોરની નજીક, મંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧

**પંકજ માલદે** ૧૦, ઉમા દીપ કો.ઓપ.હા.સો., એસ.એલ.રોડ, મુલુંડ (પ) - ૪૦૦ ૦૮૦

**પ્રમોદ દામજી ખોના** ૧૨૦૪, પાટસકર ઈક્લેટ, ડી-માર્ટની સામે, એક્સીસ બેંકની ઉપર, મુછલા પોલીટેનીક નજીક, કાવેસર, ઘોડબંદર રોડ, થાણે (પ) - ૪૦૦ ૬૧૫

**વિનોદચંદ માણેકજી મૈશેરી** C/o. મહાવીર ટ્રેડિંગ કં, લક્ષ્મી નિવાસ, ગંજ પારા, રાયપુર - ૪૯૨૦૦૪

**હીરાચંદ લખમશી લોડાયા** ૧૧ શ્રીપાલ બિલ્ડીંગ, શ્રીમદ રાજચંદ્ર માર્ગ, ઘાટકોપર (પૂ) - ૪૦૦ ૦૭૭

## નવા/બદલાયેલા ફોન નંબર

**પ્રમોદ દામજી ખોના** **08108930030/8108930003**

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૦૧.૧૫ | વડાલા | અમયરા-રચના/અમિત નાગડા | રંગપુર | પુત્રી |
| ૧૪.૦૨.૧૫ | મુલુંડ | નીલ-દીપાલી/હિમાંશુ લલિત મૈશેરી | લાલા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૧.૧૫ | અમદાવાદ | સંજય સુરેશ નરશી સોની | સુથરી | ૨૬ |
| | જલગામ | મીરલ પવનકુમાર જવેરચંદ મોમાયા | બારોઈ | ૨૫ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૧૧.૧૪ | જલગામ | નિકેત સુશીલકુમાર લક્ષ્મીચંદ ખોના | સાંયરા | ૨૭ |
| | મુલુંડ | હિરલ મહેશ લક્ષ્મીચંદ લોડાયા | સુથરી | ૨૬ |

### આતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૦૧.૧૫ | બાંદ્રા | જતીન માવજી સાવલા | ભુજપુર | ૨૮ |
| | ડોંબિવલી | હેતલ હસમુખ કેશવજી માલદે | દલતુંગી | ૨૮ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૦૩.૧૫ | વરલી | રાયચંદ હંસરાજ ડોસાભાઈ ધરમશી | સુથરી | ૭૬ |
| ૦૪.૦૩.૧૫ | ઘાટકોપર | દેવકાંબાઈ વાલજી માણેકજી નાગડા | લાલા | ૯૩ |
| ૦૫.૦૩.૧૫ | મુલુંડ | સુમનબેન શામજી કુંવરજી મોમાયા | સાંયરા | ૭૨ |
| ૦૬.૦૩.૧૫ | ડોંબિવલી | લલિત નારાણજી નરશી મોમાયા | સુથરી | ૫૦ |
| ૦૭.૦૩.૧૫ | મુલુંડ | વેજબાઈ દેવરાજ ચત્રભોજ લોડાયા | સાંધવ | ૯૫ |
| ૦૭.૦૩.૧૫ | મુલુંડ | શામજી મુરજી જેવત ખોના | સુથરી | ૮૨ |

# આત્મીય અંજલિ



## સ્નેહીવર્ય શ્રી રાયચંદ હંસરાજ ધરમશી

**ધર્મપ્રિય આત્મીય સ્વજન....**
**આપની ઉદારતાથી ધન્ય જનજન.....**
**અરિહંતશરણે શાંતિ પામો......**
**આપની સ્મૃતિ વિસરશે નહીં મન........**

PRATAP Excellency

મણીકાંત હીરજી ઘુલ્લા
પ્રતાપ એક્સીલન્સી પરિવાર

9869038095 / 9022279684

**C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday**
**Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015**
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# સ્નેહાંજલિ



## રાયચંદ હંસરાજ ધરમશી (સુથરી-વરલી)

જન્મ: શુક્રવાર, ૧૦ ફેબ્રુઆરી ૧૯૩૯ અવસાન: મંગળવાર, ૦૩ માર્ચ ૨૦૧૫

*સદા સ્મિત સાથે સહુને આપ્યાં સુખ-શાતા*
*પ્રેમ, પ્રભુ, પરોપકાર, કેવી જીવનની પવિત્રતા!*
*તમારા પુણ્યસ્મરણથી અમે રહીએ સદા-છલકાતાં...*

તમારા સ્મરણમાં...

**ધરમશી સિક્યોરિટીઝ પ્રા. લિ.**
**ધરમશી કોમોડિટિઝ પ્રા. લિ.**
**વેલ્યુ ક્વેસ્ટ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર પ્રા. લિ.**
**અનંતનાથ ડેવલપર્સ**
**અને સમસ્ત કર્મચારીગણ**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,